# ફો.કેસ નં. ૨૩૯૭૧/૨૧ ના કામે આંક–૧ નીચે હુકમ : –

આરોપી સામે ઈ.પી.કો. ક.૧૮૮ તથા ૨૮૩ નુ ચાર્જશીટ રજુ થયેલ છે. પોલીસે જાહેરનામાના ભંગ સબંધે ફરીયાદ દાખલ કરી ચાર્જશીટ કરેલ છે. જેથી ઈ.પી.કો. ક. ૧૮૮ તથા ૨૮૩ નો ગુનો અલગ પાડી શકાય તે પ્રકારનો કેસ નથી. જે સબંધે અદાલતની કોઈ પરવાનગી લીધેલ હોય કે ફરીયાદ કરનાર અધિકારીએ લેખિતમા ફરીયાદ અદાલતમા આપેલ હોય તેવુ જણાતુ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો 1999 (1) G.L.H. 203 A. K. TRIVEDI, J. Ramji Bhikha Koli & Ors. Versus State of Gujarat ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો CRIMINAL MISC.APPLICATION (FOR QUASHING & SET ASIDE FIR/ORDER) NO. 24632 of 2015 GOVARDHANKUMAR THAKOREDAS ASRANI Versus STATE OF GUJARAT તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **R/SPECIAL CRIMINAL APPLICATION NO.4105 of 2017 MOHMADMOHSIN MOHMADIRFAN CHHALOTIYA Versus STATE OF GUJARAT** ધ્યાને લેતા પણ ઈ. પી.કો. ક. ૧૮૮ના ગુના સબંધે ક્રિ.પ્રો. કોડ ક. ૧૯૫ ના બાધ ધ્યાને લેતા તેમા કાયદા મુજબની પ્રક્રિયા અપનાવવામા આવેલ ન હોવાનુ સ્પષ્ટ થાય છે અને તે સંજોગોમા આરોપી સામેની કાર્યવાહી ચાલવાપાત્ર જણાતી નથી. જેથી પોલીસે ક્રિ.પ્રો. કોડ ક. ૧૯૫ મુજબની કોઈ મંજુરી લીધેલ ન હોઈ તેમજ અદાલતમા કોઈ લેખિત ફરીયાદ આપેલ ન હોઈ આ કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ન હોઈ નામદાર વડી અદાલતોના ચુકાદાના આધારે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

–:: આ ખ રી  હુ ક મ  :: –

આરોપી સામેની હાલની કાર્યવાહી ક્રિ. પ્રો. કોડ ક. ૨૫૮ અન્વયે બંધ કરવામા આવે છે. આરોપીને આ ગુનામાંથી ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામા આવે છે.

તા.૧૦ જુલાઈ ૨૧ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | (બી.જે. પટેલ) |
| | | એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |